# સ્કૂલ ઑફ અચીવર-કુડાસણમાં રમતોત્સવ અને પતંગોત્સવ



સ્કૂલ ઑફ અચીવર, કુડાસણમાં બે દિવસ રમતોત્સવ અને પતંગોત્સવની ખૂબ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. બન્ને દિવસે શાળાના તમામ બાળકોએ વિવિધ વિભાગો જેવા કે એથ્લેટીક્સ, રિક્રિકેશન, સ્કૂલગેમમાં ભાગ લઈ પોતાનું ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ આપ્યું હતું. તા.૧૩-૦૧-૨૦૨૦ના રોજ બન્ને માધ્યમના બાળકોની હાઉસ પ્રમાણે પતંગોત્સવની સ્પર્ધા યોજાઈ હતી. પતંગોત્સવ સ્પર્ધા દરમિયાન બાળકો દ્વારા ખાણી-પીણીના દસ જેટલા સ્ટોલ પણ બનાવવામાં આવ્યા હતાં. તેમાં વિવિધ સ્વાદિષ્ટ નાસ્તો બધાને મળી રહે તેવું સુંદર આયોજન ગોઠવાયું હતું. રમતોત્સવમાં સ્પર્ધામાં વિજેતા બાળકોને મેડલ એનાયત કરવામા આવ્યા હતા.

## જન્મદિને વધામણી



નિસર્ગ દર્પણ બુચ
મો. ૭૮૭૪૪ ૦૭૩૫૬

# રંગોલી સ્કૂલમાં યોજાયો વાર્ષિક રમતોત્સવ





ગાંધીનગર, તા. ૧૬

શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનો છઠ્ઠો ત્રિદિવસીય વાર્ષિક રમતોત્સવ શાળાના વિશાળ કૅમ્પસમાં યોજાયો હતો.

આજનાં બાળકોનાં જીવનમાં રમતગમત અને ખેલકૂદનું સ્થાન મોબાઈલ ફોન અને ટેબલેટ જેવાં ગેઝેટ્સે લીધું છે ત્યારે તેઓને ખેલકૂદ અને કસરતમાં રસ પેદા થાય તથા તેનું મહત્ત્વ સમજાય એ શાળાની જવાબદારી છે. આ જ કારણથી રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલની અભ્યાસ પદ્ધતિમાં ‘સ્વાસ્થ્ય, શારીરિક શિક્ષણ અને રમતો’ને અગ્રીમ સ્થાન આપવામાં આવ્યું છે. રમતોત્સવના પ્રથમ દિવસે સ્કેટિંગ, લોન ટેનિસ, બેડમિન્ટન, ચેસ અને ટેબલ ટેનિસ જેવી વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

બીજા દિવસે પ્રિ-પ્રાઈમરીથી ધોરણ-૨નાં બાળકો માટેની એથ્લેટિક્સ સ્પર્ધાઓ જેવી કે ૫૦ મીટર રેસ, બનાના રેસ, હર્ડલ રેસ, લીંબુ ચમચી અને બીન બેગ રેસ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ધોરણ-૩થી ૮નાં બાળકો માટે ક્રિકેટ, કબડ્ડી અને ખો-ખોની સ્પર્ધાનું આયોજન થયું હતું.

રમતોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે પ્રાઈમરી વિભાગનાં બાળકો માટે ૧૦૦ મીટર રેસ, રીલે રેસ, હર્ડલ રેસ, શૉટ પુટ, લોંગ જંપ અને ડિસ્ક થ્રો જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયાએ મશાલ પ્રજવલિત કરી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. ટ્રસ્ટી પ્રણવ સોની, આચાર્ય અનામિકા અંજારિયા, ઉપાચાર્ય વિજયા સુબ્રમણ્યમ, ઍડમિન મૅનેજર પ્રેરક વસાવડા અને ગૃપ સંયોજક દિપા નિશાદના હસ્તે વિજેતા બાળકોને મૅડલ્સ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# સી એમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગમાં શપથવિધિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સી ઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ ખાતે વિદ્યાર્થી પ્રતનિધિઓ માટે શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, દાતા ભગુભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, દાતા શારદાબેન પટેલ, વી પી પટેલ, ગીતાબેન પટેલ, નરેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બીઍસસી નર્સિંગની બારમી બૅચ, જીઍનઍમ નર્સિંગની દસમી બૅચ અને એઍનઍમ નર્સિંગની આઠમી બૅચના કુલ ૨૩૦ વિદ્યાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. કૉલેજના આચાર્ય રાજેશ રાવલ દ્વારા કૉલેજનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આભારવિધિ પ્રૉ. ભાવિષા પટેલ દ્વારા કરવામાં આવી હતી.

### ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં

# અર્થતંત્રના પડકારો અને રિઝર્વ બૅન્કની નાણાંકીય નીતિ અંગે વ્યાખ્યાન યોજાયું

## પ્રા. આત્મન શાહ દ્વારા વિગતે વ્યાખ્યાન અપાયું

ગાંધીનગર, તા. ૧૬

ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના ઉપક્રમે પ્રા. આત્મન ઍચ શાહ (સૅન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ) દ્વારા ‘ભારતીય અર્થતંત્રના પડકારો અને રિઝર્વ બૅન્કની નાણાંકીય નીતિનું મૂલ્યાંકન’ વિષયે વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્રના પડકારોમાં દેશની રિઝર્વ બૅન્કની નાણાંકીય નીતિનાં સાધનો દ્વારા ફુગાવાને તથા મંદીને નાથી શકાય છે અને ભવિષ્યમાં નાણાં બજારની સમતુલાઓ દ્વારા દેશનો આર્થિક વિકાસ વધારે થશે.

કૉલેજનાં આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલે સર્વ વિદ્યાલય મંડળની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા વિશે માહિતી પૂરી પાડી હતી. વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવભાઈ જોષીપુરાએ રોજિંદા વ્યવહારમાં અર્થશાસ્ત્રની ભૂમિકા જણાવી હતી. અર્થશાસ્ત્રી વિભાગના અધ્યક્ષ પ્રા. પાર્થ જોષી, પ્રા. જ્યોતિ પંચાલ અને હેતલબેન રાવલ તથા કૉમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા. પાયલબેન પંડ્યાએ કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય સહયોગ આપ્યો હતો. કૉલેજનાં જીએસ ગાર્ગી પરમાર અને નિરલ માકાણીએ અતિથિઓનું સ્વાગત કર્યું હતું.

# કલોલ કૉલેજમાં પૂર્વ વિદ્યાર્થી સન્માન સમારોહ






શ્રી પી. એચ. જી. મ્યુનિ. આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજ કલોલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આચાર્ય ડો. કે. સી. દેશમુખના માર્ગદર્શન હેઠળ ડો. એમ. એ. મેકવાને સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં શાળા-કોલેજના આચાર્ય, પ્રોફેસર, નાયબ મામલતદાર,પોસ્ટ અને બેંકના અધિકારી તરીકે સેવાઓ આપતા ૩૨ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું કલોલ તાલુકા કેળવણી મંડળના મંત્રી પ્રફુલ્લભાઈ તલસાણીયા, સંજયભાઈ શાહ અને જેઠાભાઈ પટેલે સ્મૃતિચિહ્ન આપી બહુમાન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. એચ. કે. સોલંકીએ કર્યુ હતું. આ પ્રસંગે ટીચિંગ, નોન ટીચિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણો વાગોળી ભવિષ્યમાં સંસ્થા યાદ કરશે ત્યારે આવી મદદરૂપ થઈશું તેમ કહી ગુરુજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.



નૃત્યમ ઍકેડેમી ઑફ ભરતનાટ્યમ્‌ના ઉપક્રમે ગ્રીષ્મા વ્યાસ અને ઋતુ સુવાનું આરંગેત્રમ શુક્રવાર, તા. ૧૭ જાન્યુઆરીના રોજ ટાગોર હૉલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે.

શિલ્પાબેન, ગૌતમભાઈ અને તપનભાઈ વ્યાસના પરિવારની વહાલી દીકરી ગ્રીષ્મા શાસ્ત્રીય નૃત્ય સાથે વેસ્ટર્ન ડાન્સ અને અભિનયમાં પણ ઊંડો રસ ધરાવે છે. તો મહેશભાઈ, વિરાજબેન, ખુશ્બુના પરિવારની ઋતુ ભરતનાટ્યમ સાથે વેસ્ટર્ન ડાન્સ અને પ્રાચીન, અર્વાચિન ગરબામાં રસ ધરાવે છે. બંને નૃત્યાંગનાઓએ કલાગુરુ હિનાલી રવિશ શેઠ પાસેથી ભરતનાટ્યમની તાલીમ પ્રાપ્ત કરી છે. બપોરે ૨.૩૦ કલાકે બંને દીકરીઓના આરંગેત્રમ પ્રસંગે ગુજરાત સ્ટેટ પ્લાનિંગ કમિશનના વાઈસ ચેરમેન નરહરિ અમીન, બ્રાઈટ સ્કૂલ, અમદાવાદનાં આચાર્ય પ્રેમિલા શર્મા, તબીબ ડૉ. જયદીપ વાઢેર, ચિમનલાલ આઈ મિસ્ત્રી અને સમસ્ત આહિર સમાજ, ઉપલેટાના પ્રમુખ પ્રૉ. ડૉ. પ્રવિણ ભેડા ઉપસ્થિત રહેશે.

# માણસની લાગણી અને સંબંધોને સંવેદનાત્મક રૂપે આલેખતી વાર્તાઓ




## પુસ્તક પરિચય



નટવર હેડાઉ
vanvihari@gmail.com

‘તેમના લખાણમાં સંવેદનની સચ્ચાઈ અને એક સાચા માણસની પીડાનો સણકો છે. અલબત્ત, તેમની કલમ જ્યારે તેની પૂરેપૂરી ઘડાશે અને જિંદગીના વ્યાપક ફલક પર ફરી વળશે ત્યારે તેની પૂરી ગુંજાશ પ્રગટ થશે. રશિયાના એન્ટન ચેખોવ, ઈંગ્લાંડના સમરસેટ મોમ અને એ જે કોનીન જેવા ડૉક્ટરોએ સાહિત્યની બેનમૂન સેવા કરી છે. કોઈ ડૉક્ટર અગર તબીબી વિજ્ઞાનના વિદ્યાર્થીમાં સાહિત્યની આવી પ્રીતિ જોઉં છું ત્યારે મને ઉમળકાભેર તેમની કલમનું સ્વાગત કરતાં હર્ષ થાય છે.’ વરિષ્ઠ સાહિત્યકાર ભૂપત વડોદરીયાએ જેમના માટે આ પ્રતિભાવ આપ્યો છે તેવા સંવેદનશીલ માણસની લાગણીના સંબંધોથી સીંચાયેલી કલમ દ્વારા આલેખાયેલ વાર્તા સંગ્રહની વાત કરવી છે.

માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે... નામે વાર્તા સંગ્રહના લેખક ડૉ. અનિલ ચૌહાણ છે. આ સંગ્રહમાં ૧૭ વાર્તાઓ મળે છે. લેખકના મત મુજબ મોટા ભાગની વાર્તાઓ એ હૈયાની વેદનાનો શબ્દશઃ ઉભરો છે. માનવ સંવેદનાના સુખને માણી શકાય તેટલી ઉત્કટતાથી, એટલા પ્રેમ અને માવજતથી આ વેદના સંવેદનાનો અહેસાસ માણ્યો છે. તેના પરિપાકરૂપે વાર્તાઓમાં તેને પ્રતિબિંબિત કરવાનો લેખકનો પ્રયાસ છે. તેથી જ જાણીતા વાર્તાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ પ્રસ્તાવનામાં પોતાનો મત રજૂ કરતાં કહે છે કે અનિલ ચૌહાણ બરાબર મલાવી મલાવીને, પોતે લેખક ઉપરાંત શ્રોતા પણ હોય એવો ઓડકાર ખાય એની ખાતરી રાખીને વાર્તાને મોડે છે. જેથી ગુજરાતી વાર્તાને વધુ સમૃધ્ધ, લોકાભિમુખ કરવામાં એ પોતાના આ પ્રથમ વાર્તા સંગ્રહથી જ સફળ સાબિત થશે.

આ વાર્તા સંગ્રહમાંથી પસાર થતાં તેની પ્રથમ વાર્તા ‘અ’ અને ‘ઈ’માં લેખક માનવ શરીરના જ નહીં પણ માનવ મનનું પણ એક નિષ્ણાતની માફક પોસ્ટમૉર્ટમ કરી શકે છે તેની પ્રતીતિ કરાવતી ચમત્કૃતિવાળી કૃતિ છે. ‘તાત્કાલિક... તાત્કાલિક... ૧૦૮ને...’ પથ્થરદિલ વાચકને હચમચાવી દે તેવી વાર્તા છે. આખી વાર્તા જાણે નજર સામે ભજવાતી હોય તેમ લાગે. ‘દહેશત’ વાર્તામાં સ્વગત બોલતા પાત્રના મનના વિચારો ભલે નાયિકા ટાળી શકતી ન હોય પણ વાચક તો સમજી જ જાય છે. ‘દહેશત’ વાર્તા સંસારના સંબંધોમાં જાત સાથે વાત કરતાં સાચું શું ? પ્રશ્નાર્થને તાકે છે.

તો ‘વાસના’ વાર્તામાં બારીમાંથી દષ્ટિગોચર થતા સ્મશાનથી ત્રાસ અનુભવતા એકલસૂરા મનસુખરાયના પાત્ર દ્વારા માણસના સંપૂર્ણપણે વિરોધાભાસનું આલેખન છે. ‘વાર્તાઓમાં વાર્તાની વાર્તા’માં લેખક વાચકને ઊંચા મિનારાની ટોચ પર લઈ જઈ નીચે ભૂસકો મારવા મજબૂર કરે છે. ‘હીડન ટ્રુથ ઓફ સિવિલ મર્ડર’ જીવનમાં એવી કેટલીયે ગટનાઓ બને છે કે જેનું મૂલ્યાંકન તર્કના આધારે થઈ ન શકે. તે વાર્તા વાંચતાં સમજાય છે.

‘સુંદરમમ્માં સર્જાતો સૂરંગ કાંડ તેના આખા ઘટનાક્રમ અને પ્રેમી તરીકેના તેના અંદાજનો પૂરેપૂરો ખ્યાલ મેળવી ચૂકેલ ડૉક્ટરના મુખે મુકાયેલ છેલ્લું વાક્યા ‘મેં ખુલાસો કરવાનો વિચાર કર્યો પણ... પણ હોઠ ખૂલ્યા જ નહીં.’ લેખકની વાર્તા કલાની પ્રતીતિ કરાવે છે. તે ઉપરાંત રામાયણ, ઓચ્છવચંદનો ટીંબો, માણસ નર્યો માયણ, લાલ બલૂન, નૅગેટિવ પબ્લિસિટી, મૂરખો, ડિલીટ એટલે ડિલીટ, ડેથ સર્ટિફિકેટ, રૂપાલી વગેરે વાંચવી ગમે તેવી વાર્તાઓ છે. ‘મસૂરી’ વાર્તામાં સર્જકની ભાષા પ્રકૃતિનાં સૌંદર્યની જેમ ખીલી છે. નેમો નામધારી કૂતરો નાયક-નાયિકાના પ્રણયનો સાક્ષી જ નહીં, કારણ પણ બને છે.

‘માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે...’ વાર્તા સંગ્રહના લેખક ડૉ. અનિલ દિનેશચંદ્ર ચૌહાણ તેમના વ્યવસાયમાં તો ખૂબ આગળ છે જ, પરંતુ નાની વયથી સમભાવ દૈનિકમાં ‘નવી કૉલમ’, ‘સ્પંદન’ નામના કૉલેજના સોવેનિયરનું સંપાદન, ગાંધીનગર સમાચાર દૈનિકમાં ‘સ્પંદન ડૉટ કૉમ’ નામની કૉલમમાં સાંપ્રત બનાવોને લગતા લેખોથી લોકપ્રિય બન્યા છે. ‘ગુજરાત દિપોત્સવી અંક’ અને પાટનગર ગર્જના પાક્ષિકમાં તેમની અનેક વાર્તાઓ છપાઈ છે. ઑલ મીડિયા કાઉન્સિલ ઍવોર્ડ ‘મોસ્ટ કમ્પેશનેટ ડૉક્ટર’ જેવા ખિતાબોથી વિભૂષિત લેખક તેમના આ પ્રથમ વાર્તા સંગ્રહથી સાહિત્ય જગતમાં કાઠું કાઢવાની ક્ષમતા ધરાવે છે. કારણ કે તેમની પાસે પોતાના વિશિષ્ટ વ્યાવસાયિક અનુભવોનું ભાથું છે. અને સાથે જ અદના, છેવાડાના માનવી સાથે થતા રહેતા દૂરાચારો અને અન્યાય સામે ભારેલા અગ્નિ જેવો આક્રોશ છે. જે તેમની વાર્તાઓમાં જાણી, માણી અને પ્રમાણી શકાય તેમ છે. તેમના આ વાર્તા સંગ્રહને આવકારું છું અને લેખકને અભિનંદું છું.

માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે... (વાર્તાસંગ્રહ)
લેખક : ડૉ. અનિલ ચૌહાણ
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિંમત રૂા. ૨૨૫/-